તા.૧૧-૦૬-૨૦૧૪
બુધવાર
વર્ષ : ૬
અંક ૯૧
પાના : ૮
કિંમત રૂા.૨.૦૦
www.loksansar.in

લોક સંસાર
LOK SANSAR
RNI NO. GUJ GUJ/2009/36828
GANDHINAGAR L2/RNP/GGNR-309-LOKSANSAR/2014- contact@loksansar.in ફોન (ઓ)૨૩૨૪૩૬૯૦

# કડીની બી.બી.એ. કોલેજમાં "કેમ્પસ ઈન્ટરવ્યુ'નું આયોજન

ગાંધીનગર,તા.૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) ગાંધીનગર દ્વારા તા.૯-૬-૨૦૧૩ સોમવારનાં રોજ સેમેસ્ટર ૩ અને ૫માં અભ્યાસ કરી રહેતા તેમજ ભુતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એસ્યોર મેનેજમેન્ટ કન્સલ્ટન્સી દ્વારા સફળતા પૂર્વક જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું. આ પ્લેસમેન્ટમાં આશરે ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જેમાંથી પસંદગી પામેલા ઉમેદવારો વોડાફોન, મોટીફ, એસેન્ડમ, અઝુરે, મેગ્નેનીસમ તથા આઈ.સી.એફ.એ.આઈ. યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રામ સંસ્થાઓમાં ઓછામાં ઓછા માસિક રૂા. ૧૮,૦૦૦ના પગારથી ટુંક સમયમાં જોડાઈને પોતાની કારકિર્દીનો આરંભ કરશે. ગાંધીનગર બીબીએ કોલેજમાં એડમિશન લેવા માટે આવનાર વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ કોલેજ દ્વારા નિયમીત પણે ચાલતી પ્લેસમેન્ટની પ્રવૃત્તિને વખાણી હતી અને બીબીએ જેવા પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ મેળવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ જોબ પ્લેસમેન્ટને સફળ બનાવવા માટે બીબીએ કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્તના નેતૃત્વમાં ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈએ જહેમત ઉઠાવી હતી.